www.researchguru.net
Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
Volume-16, Issue-1, June-2022

# ‘વચનામૃત’માં જ્ઞાનની સ્થિતિનું માહાત્મ્ય

**રીકેશકુમાર મહેશભાઈ પટેલ**
(Ph.D Student) – તત્વજ્ઞાન ચારૂતર વિધામંડળ યુનિવર્સિટી વલ્લભ વિધાનગર,આણંદ–૩૮૮૧૨૦
(મો)–૯૬૦૧૪૭૩૪૨૪

**સારાંશ:**
*‘વચનામૃત’ સ્વામિનારાયણ સંપ્રદાયનો મુખ્ય ગ્રંથ છે. ‘વચનામૃત’ ભગવાન સ્વામિનારાયણના દ્વારા થયેલ સંતો તથા હરિભકતો સાથેનો સંવાદ છે. ‘વચનામૃત’ સર્વ શાસ્ત્રોનો ફલીતાર્થ છે. ભગવાન સ્વામીનારાયણ દ્વારા ‘વચનામૃત’ ગઢડા પ્રથમ ૨૪ માં જ્ઞાનની સ્થિતિનું માહાત્મ્યનું નિરૂપણ કરેલ છે. જેમાં ભગવાનને પ્રાપ્ત કરવાની સ્થિતિ એક છે,પણ ભગવાનને પ્રાપ્ત કરવા માટેના બે માર્ગ છે, ભકિતમાર્ગ તથા જ્ઞાનમાર્ગ, ભકિતમાર્ગમાં ભાવનું પ્રાધાન્ય છે, જયારે જ્ઞાનમાર્ગમાં વિવેકનું પ્રાધાન્ય છે. જ્ઞાનમાર્ગમાં નિશ્ચય થવો બહુ કઠિન છે. ભગવાનને પ્રાપ્ત જ્ઞાનમાર્ગથી પણ કરી શકાય છે.* ***‘ભગવાન સ્વામીનારાયણ દ્વારા ‘વચનામૃત’ માં પાંચ તત્વોની વાત કરી છે. જેમાં જીવ, ઈશ્વર, માયા, અક્ષરબ્રહ્મ અને પરબ્રહ્મ છે.’(ગ.પ્ર.૭,ગં.અં.૧૦,સા.૬)***

*‘રાજા ભી દુખિયા, રંક ભી દુખિયા;*
*ધનપતિ દુખિત વિકાર મે.......*
*જ્ઞાન વિના દુ:ખ પાવત દુનિયા.......’*

*સદગુરુ મુકતાનંદ સ્વામીની આ સુપ્રસિદ્ધ કાવ્ય–પંકિત છે. રાજાથી માંડીને રંક સુધી, કરોડપતિથી માંડીને રોડપતિ સુધી બધા જ દુ:ખી જણાય છે, બધા જ પોતાને દુ:ખી માને છે.*

**પ્રસ્તાવના:**

ભગવાન સ્વામીનારાયણે આ પૃથ્વી પર અવતાર ધરીને ‘વચનામૃત’ ગ્રંથ આ સમાજને એક ભેટ સમાન આપીને ગયા છે. ભગવાન સ્વામીનારાયણે ‘ વચનામૃત’ ગ્રંથ કોઈ એક હિન્દુ–સંપ્રદાય માટે સીમિત રાખેલ નથી, તેનું ગહન દરેક હિન્દુ–સંપ્રદાય કરી ભગવાનને પ્રાપ્ત કરી શકે છે.

જ્ઞાન શું છે? શબ્દકોષ કહે છે કે જ્ઞાન એટલે જાણવું, સમજવું.

‘વચનામૃત’ ગ્રંથમાં મનુષ્યના કલ્યાણ માટે,મોક્ષ માટે પાંચ બાબતો જણાવવામાં આવે છે.

૧) પુરષોત્તમનું જ્ઞાન
૨) અક્ષરબ્રહ્મનું જ્ઞાન
૩) માયાનું જ્ઞાન
૪) ઈશ્વરનું જ્ઞાન
૫) જીવાત્માનું જ્ઞાન

આ પાંચ જ્ઞાન પ્રાપ્ત કરીને મનુષ્ય ભગવાનને પ્રાપ્ત કરી શકે છે. ‘વચનામૃત’ ગ્રંથમાં સ્વામીનારાયણ ભગવાને આ પાંચ જ્ઞાન સમજાવ્યા છે.

**૧) પુરષોત્તમનું જ્ઞાન:**

આ પાચં તત્વોમાં સર્વશ્રેષ્ઠ તત્વ પુરષોત્તમ છે.ભગવાન એક અને અનેક છે. ભગવાનનું સ્વરૂપ પણ એક છે, અને તે ભગવાન અતિસમર્થ છે. પુરષોત્તમના બે સ્વરૂપ છે, અન્વય અને વ્યતિરેક જેમાં અન્વય પણ છે, અને વ્યતિરેક પણ છે. ભગવાન બધામાં વસેલો છે, તેને અન્વયરૂપ કહેવાય, અને વ્યતિરેકરૂપમાં મૂર્તિમાન વિરાજમાન છે. **‘જેમ પ્રજા સર્વે રાજાને આધારે છે, તેમા દિવાન હોય કે વજીર હોય તેનું રાજા ચાલવા દે તેટલું ચાલે પણ ન ચાલવા દે ત્યારે એક અણુમાત્ર પણ ન ચાલે, તેમ દેશ, કાળ, કર્મ, માયા, તેનું પરમેશ્વર ચાલવા દે તેટલું ચાલે પણ પરમેશ્વરના ગમતા બહાર અણુમાત્ર પણ ન ચાલે. માટે સર્વ કર્તાહર્તા તે પરમેશ્વર જ છે.’(વચ.ગ.મ.૨૧)**

પુરષોત્તમ સર્વ કર્તાહર્તા છે. સૂકું પાંદડું કે ઘાસનું તણખલું પણ ભગવાન પુરષોત્તમની મરજી વિના હાલી શકતું નથી, તો બીજું તો શું થાય શકે? આપના જીવનમાં કે સમગ્ર વિશ્વમાં જે કઈ ઈચ્છનીય કે

અનિચ્છનીય પ્રસંગો બને છે, તે બધું ભગવાનની મરજી થી થાય છે. આજના યુગમાં કોરોના જેવી બીમારીમાં ભગવાનમાં 'ન' માનનારા હવે ભગવાનને માનતા થઈ ગયા છે, કારણકે હોસ્પિટલ, ડૉકટર, મેડિકલ સ્ટોર, સ્મશાન–ભૂમિ, ડ્રાઈવર, દુકાનવાળા આમ સમાજનો મોટો વર્ગ લૂંટ ચલાવતો જોવા મળે છે. જગતની ઉત્પત્તિ–સ્થિતિ અને પ્રલય કરનારા તો એક માત્ર પુરષોત્તમ ભગવાન છે. આપણે તો સૌ કેવળ તેમની કઠપૂતળી માત્ર છીએ, આપણામાં જે વિવિધ શકિતઓ આપેલી છે તે એમની જ આપેલી છે. જીવ અનંત જન્મ લઈને જે જે સારા–નરશા કર્મ કરે છે, અને તે ભગવાન અંતર્યામીરૂપે જુએ છે, જાણે છે, અને તે કર્મને અનુસાર ભગવાન તે જીવને કર્મને અનુસાર ભગવાન તે જીવને કર્મના ફળરૂપે જુદા–જુદા દેહ આપી સુખ–દુ:ખનો અનુભવ કરાવે છે. સર્વ કર્તાહર્તા ભગવાન છે. પૃથ્વી સ્થિર છે, ને ભગવાનના ડોલાવે ડોલે છે, તારામંડળ અધ્ધર રહ્યું છે, તથા જેના વરસાવે વરસાદ પડે છે, તથા તેમની આજ્ઞાથી સૂર્ય–ચંદ્ર ઉદય અને અસ્ત થાય છે. આમ 'વચનામૃત' અમદાવાદ પ્રકરણ ૭ માં તો 'હું' શબ્દ વાપરીને તેઓ પોતાના કર્તાહર્તાની વાત સમજાવે છે, કે સર્વ બ્રહ્માડની ઉત્પત્તિ અને પ્રલયના કર્તાહર્તા પણ 'હું' જ છું, અને વળી હું કેવો છું? તો મારા પગના અંગુઠે કરીને પૃથ્વીને ડગાવું તો અસંખ્ય બ્રંહ્માડની પૃથ્વી ડગવા લાગે, ને મારે તેજ કરીને સૂર્ય, ચંદ્રમાં, તારા આદિક સર્વ તેજોયમાન છે. ભગવાનને સર્વ કર્તાહર્તા સમજવાથી લાભ થાય છે, નિર્ભય થઈ જવાય, ભગવાનની આજ્ઞા મુજબ વર્તાય, સર્વનો આદરભાવ રહે, સ્થિરતા રહે, માન–ઈર્ષ્યા રહે નહિ, ભગવાનમાં સ્નેહ રહે અને સમાજલક્ષી કાર્ય થાય. ભગવાનના સ્વરૂપમાં વિશ્વભરમાં વાદ–વિવાદ થતા રહે છે. આપણા હિન્દુ–સમાજનો મોટો વર્ગ ભગવાનને નિરાકાર સમજે છે. અને વિશ્વમાં કેટલાય ધર્મો ભગવાનને નિરાકાર સમજે છે.આમ ભગવાન સ્વામીનારાયણએ સાકારવાદનું સમર્થન કરેલ છે. ભગવાન અન્વય તથા વ્યતિરેક આમ બંન્ને સ્વરૂપમાં સાકાર છે. જો ભગવાન સાકાર સ્વરૂપમાં ન હોય તો શાસ્ત્ર–વચનો ખોટા થઈ જાય, મૂર્તિ વગર તેજ ઉદ્ભવે નહિ, આમ જીવને ગેરલાભ થાય છે. ભગવાનને નિરાકાર સમજીએ તો ભગવાનનું બહું મોટું અપમાન છે,મહાપાપ છે. ભગવાનને સાકાર સમજવાથી જ સાચી ઉપાસના થાય છે.ભગવાન સ્વામિનારાયણે ૨૦૦૦ થી વધુ શુધ્ધ ત્યાગી સંતો બનાવ્યા, સમાજમાં લાખો લોકોને સંત્સગી બનાવ્યા, ભગવાને કેટલાય લાકોનું જીવન–પરિવર્તન કરાવ્યું, જેમકે જોબનપગી, મુળજી લુહાણા, સરગામ વાઘરી, શાર્દુલ ખાસિયા, જેવા અનેક ગણાવી શકાય.

**૨) અક્ષરબ્રહ્મનું જ્ઞાન:**

અક્ષરબ્રહ્મના ચાર સ્વરૂપો છે.૧) અક્ષરબ્રહ્મ – ચિદાકાશરૂપે ૨) અક્ષરબ્રહ્મ – ધામરૂપે ૩) અક્ષરબ્રહ્મ – ધામમાં પરબ્રહ્મના સેવકરૂપે ૪) અક્ષરબ્રહ્મ – બ્રહ્મસ્વરૂપ ગુરૂરૂપે રહેલા છે. ચિદ એટલે ચેતન અને આકાશ એટલે પ્રકાશમાન, ચિદાકાશ એટલે અતિશય પ્રકાશમાન ચેતન તત્વ. અક્ષરબ્રહ્મ ચિદાકાશરૂપે અનંતકોટી બ્રહ્માંડોની અંદર તથા બહાર વ્યાપીને રહે છે, તથા તેને ધારણ કરી રાખે છે અને અવિનાશી છે. અક્ષરધામ અતિ વિશાળ છે, તથા તેની મર્યાદા સીમા આપણી નજરમાં આવી શકે તેમ નથી. **'તે અક્ષર ને ઉપર, હેઠે ને ચારે પડખે સર્વે દિશામાં બ્રહ્માંડની કોટિઓ છે.'(વચ.ગ.મ.૪૨)** આ અક્ષરધામ માટે બ્રહ્મપુર, બ્રહ્મલોક, બ્રહ્મધામ, બ્રહ્મમહોલ, પરમધામ, પરમલોક વગેરે અનેક શબ્દો વપરાય છે.જે એકાંતિક ભકત દેહત્યાગ કરીને પુરષોતમ નારાયણની સેવામાં રહે છે. અક્ષરધામનું સ્વરૂપ નિરાકાર છે. **'પુરષોત્તમની નિત્ય ઈચ્છાથી અક્ષરબ્રહ્મ સકળ સૃષ્ટિઓનું કારણ બને છે.'(વચ.ગ.પ્ર.૪૧ના આધારે) 'પુરષોત્તમ ભગવાન જયારે જીવોના કલ્યાણ અર્થે આ પૃથ્વી પર મનુષ્ય શરીર ધારણ કરે છે, ત્યારે**

**અક્ષરબ્રહ્મને પોતાની સાથે લાવે છે, કે ભગવાન જીવન કલ્યાણ અર્થે જયારે મૂર્તિ ધારણ કરે છે, ત્યારે પોતાનું જે અક્ષરધામ અને ચૈતન્યમૂર્તિ એવા જે પાર્ષદ અને પોતાના જે સર્વે ઐશ્વર્ય તે સહિત જ પધારે છે, માટે ભગવાનના ભકતને ભગવાનનું સ્વરૂપ અક્ષરધામ સહિત પૃથ્વી ઉપર વિરાજમાન છે. એમ સમજવું અને બીજા આગળ પણ એવી વાત કરવી.'(વચ.ગ.પ્ર.૭૧)** પુરષોત્તમ પરબ્રહ્મ આ લોકમાંથી અંતર્ધાન થયા પછી જીવના આત્યંતિક કલ્યાણ માટે આજ બ્રહ્મસ્વરૂપ ગુરૂ દ્વારા પૃથ્વી પર સમ્યકપણે અન્વય સ્વરૂપે અખંડ પ્રગટ રહે છે. અક્ષરબ્રહ્મસ્વરૂપ ગુરુઓની પરંપરામાં ભગવાન શ્રી સ્વામિનારાયણ સાથે પ્રથમ ગુરૂ તરીકે ગુણાતીતાનંદ સ્વામી મહારાજ પ્રગટ થયા, તેમની અક્ષરબ્રહ્મ તરીકેની ઓળખાણ આપીને અનેક પ્રસંગે શ્રી હરિએ તેમનો મહિમા કહેલો, આ વાત તેઓના સમકાલીન મુખ્ય પરમહંસ સદ્‌ગુરૂ ગોપાળાનંદ સ્વામી, સદ્‌ગુરૂ શુકાનંદ સ્વામી, સદ્‌ગુરૂ વિજ્ઞાનાનંદ સ્વામી, સદ્‌ગુરૂ નૃસિંહાનંદ સ્વામી તેમજ વંથળીના કલ્યાણભાઈ, સાળંગપુરના રાઠોડ ધાંધલ વગેરે ભકતોએ સત્સંગમાં પ્રવર્તાવી, જે ઈતિહાસ પ્રસિધ્ધ છે.

**૩) માયાનું જ્ઞાનઃ**

માયા એટલે જગત, આપણે જે જગતમાં રહીયે છે તે આ દેહના સગા–સબંધી, દેહના સબંધમાં આવતા પદાર્થો તથા આ સમગ્ર જગત નાશંવત છે, અને તે સમયે નાશ પામતું હોય છે. માયામાંથી જે કંઈ પણ ઉત્પન્ન થાય છે તે સાચું સુખ હોતું નથી, બધું દુઃખરૂપ હોય છે, પણ તે આભાસ માત્ર હોય છે. દેહ નરકરૂપ છે.**'આ દેહ તો હાડકા, પરૂ, પાંચ, લાળ ને લીટ ભર્યા છે, ને નવદ્વારે નરક ઝરે છે, ને કેવળ નર્કની કોથળી છે, ને ઉપર ચર્મ મઢયું છે, ને ક્ષણભંગુર કહ્યો છે, માટે કોઈ માલ નથી, તેમાંથી હેત તોડીને આત્મામાં કરવું.'(સ્વામીની વાતઃ૬/૫૧)** માયામાં ત્રણ સાંખ્યજ્ઞાન આવેલ છે. ૧) નાશંવતપણાનું જ્ઞાન ૨) દુઃખરૂપપણાનું જ્ઞાન ૩) દેહાદિક અસારતાનું જ્ઞાન આવેલ છે.**' માયાના કાર્યમાંથી ઉત્પન્ન થયા જે આકારમાત્ર તે સર્વે મિથ્યા છે, કેમ જે એ સર્વે આકાર કાળે કરીને નાશ પામે છે.'(વચ.ગ.અં.૩૮)** આમ અનંતકોટી બ્રહ્માંડમાં જે કાંઈ છે,તે બધું જ પુરષોત્તમ ભગવાને માયા નામે જડતત્વમાંથી ઉપજાવ્યું છે, અને તે સમયે સમયે નાશ થતું જ રહે છે, કંઈ જ કાયમી નથી. '**જેટલું કાંઈ માયામય સુખ છે તે સર્વે દુઃખ વિનાનું હોય નહિ, એ વાત એક જાણી રાખવી.' (સ્વામીની વાત ૧/૨૫)** આમ અનંત કોટી બ્રહ્માંડમાં જે કાંઈ છે. તે બધું જ દુઃખદાયી છે. આ દેહ નરક રૂપ છે. **'આ અંગે ગુણાતીત સ્વામી કહે છે કે સંસારમાં સુખ જેવું જણાય છે. પણ તેમાં તો દુઃખ છે. જેમ શેરડીના સાંઠામાં ઈયળ પડે તે સુખ માને છે. પણ ચિચોડામાં ભૂકા નીસરસે ને કાગડાને શ્રાદ્ધના સોળ દિવસનું સુખને પછી બંધુકની ગોળીયું ખાવાની છે તેમ.' (સ્વામીની વાત ૨/૪૭)**

**૪) ઈશ્વરનુંજ્ઞાન :**

**'અનંત કોટી બહ્માડોમાં અનંત કોટી ઈશ્વર છે.' (ગ.પ્ર.૬૩)** જીવને કારણ શરીરરૂપ માયા વળગી છે. તેમ ઈશ્વરને અવ્યાકૃત શરીરરૂપ માયા વળગી છે. ઈશ્વરનું સ્વરૂપ જાણવાનું એટલું જ પ્રયોજન છે કે જીવો તેની ઉપાસના કરે ; તેનાથી માયાનું કાર્ય જન્મ–મરણ ટળે નહિ. તે ટાળવા માટે તેને બહ્નરૂપ થઈને પરબ્રહ્મની ઉપાસના કરવી આવશ્યક બની રહે છે. ઈશ્વર સંખ્યાની દૃષ્ટિએ અનેક છે. વિરાટ પુરુષ અને તેમાંથી પ્રગટેલા તમામ અવતારો ઈશ્વર ચૈતન્ય છે. ઈશ્વર માયાથી બંધાયેલા હોવાથી તેમને પણ પોતાની મુકિત માટે જીવની જેમ જ અક્ષરબ્રહ્મ અને પરબ્રહ્મ અને પરબ્રહ્મના સંબંધમાં રહીને ઉપરોકત તમામ સાધના કરવી જ પડે છે.

**૫) જીવાત્માનું જ્ઞાનઃ**

જીવાત્મા અવિનાશી તત્વ છે. ચાર પ્રકારના શરીર છે. આપણા શાસ્ત્રો કહે છે કે મનુષ્યનું શરીર

ચોરિયાસી લાખ યોનિમાંથી પસાર થયા પછી મનુષ્યની યોનીમાં પ્રવેશ મળે છે. આમ (૧) ઉદ્‌ભિજ્જ જાતિઃ જમીન ભેદીને જન્મનાર વનસ્પતિઓ (૨) સ્વદેજ જાતિઃ પરસેવો કે પાણીની ગંદકીમાંથી જન્મનાર – જૂ, માંકડ, મચ્છર વગેરે જંતુઓ (૩) અંડજ જાતિઃ ઈંડામાંથી જન્મનાર પક્ષી, સાપ વગેરે (૪) જરાયુજ જાતિઃ ગર્ભમાંથી જન્મનાર – પશુ, મનુષ્ય વગેરે આમ ચોરિયાસી લાખ યોનિમાંથી પસાર થયા પછી મનુષ્યનો અવતાર મળે છે. આમ આ ચાર પ્રકારના દેહમાં રહીને તેમને જીવંત રાખનાર જીવાત્માં છે.**'એ ભગવાન છે તે ......અન્વયપણે અનેક બ્રહ્માંડને વિષે રહ્યા જે સર્વે જીવના સમૂહ તેમને વિષે તેમને યથાયોગ્ય કર્મફળદાતા પણે અંતર્યામીરૂપે કરીને રહ્યા છે.' (વચ.ગ.અં.૩૭)** શિક્ષાપત્રીમાં પણ જીવને અણુસરખો સૂક્ષ્મ અને હૃદયમાં રહેલો કહ્યો છે. જીવાત્માં અવિનાશી છે, તે અભેદ્ય, અછેદ્ય, અજર, અમર, અને અવિનાશી છે. જીવાત્મા જ્ઞાતિ–જાતિથી પર છે. જીવાત્મા પુરુષ પણ નથી ને સ્ત્રી પણ નથી. આત્માને કોઈ નાત કે જાત હોતા નથી. શરીરમાં માયા જ્ઞાનને ઢાંકી દઈને વિપરીત જ્ઞાન ઉત્પન્ન કરતી હોવાથી તેને અવિદ્યાત્મક કે અજ્ઞાનરૂપ કહેવામાં આવે છે.દેહ અને જીવાત્માના લક્ષણો ભિન્ન છે.

**ઉપસંહારઃ**

વચનામૃતના આધારે અક્ષરબ્રહ્મ સત્પુરુષોએ ચીંધેલ માર્ગે, આપણે પરબ્રહ્મ, અક્ષરબ્રહ્મ, ઈશ્વર ચૈતન્ય, જીવાત્મા અને માયા અર્થાત જગતના સ્વરૂપનું જ્ઞાન સમજયા છે. આ મુજબની વિચારશૈલી તેમજ જીવનશૈલી બને ત્યારે જ્ઞાન પામ્યા કહેવાય. ' ખપમાં આવે તે જ્ઞાન' **શ્રીહરિએ કહ્યુ છે કે જ્ઞાન વિષે સાંભળ્યા પછી તેનું મનન તથા વારંવાર યાદ કરવાનો આદેશ આપ્યો છે.(વચ.સા.૩,ગ.અં,૨૭)** બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ જ્ઞાન વિષે કહે છે કે જ્ઞાનનો અર્થ શું? બ્રહ્મભાવ વધે, પ્રેમ વધે, મહીમા વધે, છેલ્લી પંકિતનો ભકત હોય તેને નમે, સુહૃદયપણાની ચિકાશ આવે, મહિમા દરેકનો સમજાય, ત્યારે જ્ઞાન વર્યું કહેવાય.

**સંદર્ભ–ગ્રંથઃ**


૧) 'વચનામૃત' – (૧૪મી આવૃત્તિઃ એપ્રિલ–૧૯૯૪) સદ્‌ગુરુ મુકતાનંદ સ્વામી, સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામી, સદ્‌ગુરુ નિત્યાનંદ સ્વામી, સદ્‌ગુરુ શુકાનંદ સ્વામી, સ્વામિનારાયણ અક્ષરપીઠ, શાહીબાગ રોડ, અમદાવાદ

૨) 'વચનામૃત'માં જ્ઞાન નિરૂપણ – (માર્ચ–૨૦૨૦) સાધુ પ્રિયસ્વરૂપદાસ, બી.એ.પી.એસ સ્વામિનારાયણ સંસ્થા, સ્વામિનારાયણ અક્ષરપીઠ, શાહીબાગ, અમદાવાદ

૩) 'વચનામૃત'નાં વિશિષ્ટ અર્થઘટનો ગુરૂપરંપરા દ્વારા – (માર્ચ– ૨૦૨૦) સાધુ અક્ષરજીવનદાસ, બી.એ.પી.એસ સ્વામિનારાયણ સંસ્થા, સ્વામિનારાયણ અક્ષરપીઠ, શાહીબાગ, અમદાવાદ

૪) 'વચનામૃત'માં પ્રગટતું પરમહંસોનું વ્યકિતત્વ – (જુલાઈ–૨૦૧૯) સાધુ મધુરવદનદાસ, બી.એ.પી.એસ સ્વામિનારાયણ સંસ્થા, સ્વામિનારાયણ અક્ષરપીઠ, શાહીબાગ, અમદાવાદ